**નામદાર સુપ્રિમકોર્ટના SUO MOTO WRIT(CRL) NO. (S)1/2017 તથા ક્રિમીનલ મેન્યુઅલના ચેપ્ટર VI ના 179 A- અન્વયેના નોટીફીકેશન નં.સી-૨૦૦૧-૯૩ તા.૨૦-૦૫-૨૦૨૨ ના ઠરાવેલ પર્ફોમા મુજબ**

**FORM-A**

---

**વિનોદ વી. પરમાર,સ્પે. જજ (પોક્સો) તથા અધિક સત્ર ન્યાયાધીશશ્રીની કોર્ટમાં,**

**સુરત**

---

**સ્પે.(પોક્સો) કેસ નંબર ૭૬/૨૦૨૬**

**(ચુકાદાની તા. ૩૦/૦૬/૨૦૨૬)**

| **એફ.આઇ.આર.ની વિગતો/ગુનો અને પોલીસ સ્ટેશન** | |
|---|---|
| **પોલીસ સ્ટેશનઃ–** | **ઝંખવાવ પો.સ્ટે., સુરત ગુ.રજી. નં. પાર્ટ –એ – ૧૧૨૧૪૦૭૧૨૬૦૦૫૧/૨૦૨૬** |
| **ગુનોઃ–** | ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૩૭(૨), ૮૭, ૬૩, ૬૪(૨)(આઈ),(કે)) (એમ), ૬૫(૧) તથા જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતા અધિનિયમ ૨૦૧૨ની કલમ ૪, ૫(જે) (૨) તથા ૬ મુજબ |
| **તહોમતનામા મુજબ તહોમતઃ–** | ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૩૭(૨), ૮૭, ૬૩, ૬૪(૨)(આઈ),(કે)) (એમ), ૬૫(૧) તથા જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતા અધિનિયમ ૨૦૧૨ની કલમ ૪, ૫(જે) (૨) તથા ૬ મુજબ |
| **ફરિયાદીઃ–** | શ્રી સરકાર(સ્ટેટ ઑફ ગુજરાત)<br>(મૂળ ફરિયાદીઃ–ભોગ બનનારના પિતા) |
| **વિ.એપીપીશ્રીઃ–** | શ્રી એમ.કે.બ્રહ્મભટ્ટ તથા<br>શ્રી ડી.વી.દવે તથા શ્રી ટી.એ.પંચોલી |
| **આરોપી–** | નીતીનભાઈ કમલેશભાઈ વસાવા |
| **આરોપી તરફે વિ.વ. શ્રીઃ–** | શ્રી એચ.આર. પાલેધરા<br>શ્રી પી.એચ.સોલંકી |

# FORM-B

| | |
|---|---|
| **ગુનો બન્યા તારીખઃ–** | સને ૨૦૨૫થી તા. ૧૦/૨/૨૦૨૬ દરમ્યાન |
| **ફરિયાદની તારીખ** | તા.૧૦/૨/૨૦૨૬ના કલાક ૧૭.૩૦ વાગ્યે |
| **ચાર્જશીટની તારીખ** | તા. ૧૩/૦૪/૨૦૨૬ |
| **તહોમત ફરમાવ્યાની તારીખ** | તા.૧૮/૦૫/૨૦૨૬ |
| **પુરાવો શરૂ કર્યાની તારીખ** | તા.૧૯/૦૫/૨૦૨૬ |
| **ચુકાદો સંક્ષિપ્તમાં રાખ્યાની તારીખ** | તા.૩૦/૦૬/૨૦૨૬ |
| **ચુકાદાની તારીખ** | તા.૩૦/૦૬/૨૦૨૬ |
| **સજાના હુકમની તારીખ જો કોઇ હોય તો,** | **ના** |

<u>આરોપીની વિગતઃ–</u>

(**<u>Accused Details</u>**)

| **આરોપી નં.** | **આરોપીનું નામ** | **આરોપીની ધરપકડની તારીખ** | **આરોપી જામીન ઉપર મુકત કરવામાં આવેલ હોય તો તેની વિગત** | **આરોપી સામે કયા ગુનાનો આક્ષેપ છે.** | **આરોપીને નિર્દોષ છોડવામાં આવ્યા કે કસુરવાન ઠરાવેલ ?** | **આરોપીને શું સજા કરેલ ?** | **આરોપી ક્રિ. પ્રો. કોડ કલમ ૪૨૮ મુજબ ટ્રાયલ પડતર હોય, તેવા સમય દરમીયાન કેટલો સમય કાચા કામના કેદી રહેલા છે.** |
|---|---|---|---|---|---|---|---|
| ૦૧ | **નીતનભાઈ કમલેશભાઈ વસાવા** | ૧૮/૦૨/૨૦૨૬ | જામીન મુકત નથી | ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૩૭ (૨), ૮૭, ૬૩, ૬૪ (૨)(આઈ),(કે)) (એમ), ૬૫(૧) તથા જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતા અધિનિયમ ૨૦૧૨ની કલમ ૪, ૫(જે) (૨) | આરોપીને નિર્દોષ છોડવામાં આવ્યા | આખરી હુકમ મુજબ | આરોપીને અટક કર્યા ત્યારથી કસ્ટડીમાં છે. |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | " " | તથા ૬ મુજબ | | | |

## FORM-C

**ફરિયાદપક્ષ, બચાવપક્ષ અને કોર્ટના સાહેદોનું લીસ્ટ**

**List Of Prosecution/Defence/ Court Witnesses**

**(એ) ફરિયાદપક્ષ તરફે**

**(For Prosecution)**

| અ.નં. (RANK) | સાહેદનું નામ (**Name of Witness**) | વિગત (**Nature of Evidence**) | આંક **Exh.** |
|---|---|---|---|
| ૧. | ભોગ બનનારના પિતા | ફરીયાદી | ૦૭ |
| ૨. | ભોગ બનનારના મામી | મામી | ૦૯ |
| ૩. | ભોગ બનનારના મોટા બહેન | મોટા બહેન | ૧૦ |
| ૪. | ભોગ બનનારના મામા | મામા | ૧૧ |
| ૫. | ભોગ બનનાર | ભોગ બનનાર | ૧૨ |
| ૬. | કિરણબા અજીતસિંહ જાડેજા | ફરીયાદ લેનાર, તપાસ તથા ચાર્જશીટ કરનાર પીઆઈ | ૨૮ |
| ૭. | ડો. ખુશ્બુ મહેશભાઈ દવે | આરોપીના નમુનાઓ લેનાર ડોકટર | ૩૮ |
| ૮. | ડો. દિનેશ જશવંતભાઈ ચૌધરી | ભોગ બનનારની પ્રાથમીક સારવાર કરનાર ડોકટર | ૪૧ |
| ૯. | ડો. મનાલી શૈલેન્દ્રસિંહ રાઠોડ | ભોગ બનનારની ગાયનેક તપાસ કરનાર | ૪૩ |

## (બી) બચાવપક્ષે સાહેદ જો હોય તો,
## (**Defence Witnesses, if any**)

| સાહેદ નંબર | સાહેદનું નામ | કયા પ્રકારનો સાહેદ/પુરાવો |
|---|---|---|
| – | – | – |

## (સી) કોર્ટ સાહેદ જો કોઇ હોય તો,
## (**Court Witnesses, if any**)

| સાહેદ નંબર | સાહેદનું નામ | કયા પ્રકારનો સાહેદ/પુરાવો |
|---|---|---|
| – | – | – |

## <u>ફરિયાદપક્ષ/ આરોપીપક્ષ/ કોર્ટ તરફે આંકે પડેલા દસ્તાવેજી પુરાવા</u>
## List of prosection/ Defence/ Court Document Exhibit
## (એ) ફરિયાદપક્ષ તરફે આંકે પડેલા દસ્તાવેજી પુરાવા
## (**List of Prosecution Exhibit**)

| અ.નં. (**Rank**) | દસ્તાવેજી પુરાવાની વિગત (**Description of Document**) | આંક (**Exh.**) |
|---|---|---|
| ૧. | ફરીયાદ | ૮ |
| ૨. | ભોગ બનનારનું બીએનએસએસની કલમ ૧૮૩ મુજબનું નિવેદન | ૧૩ |
| ૩. | ભોગ બનનારના જન્મના પ્રમાણપત્રની નકલ (બચાવપક્ષે કબુલ રાખેલ હોય, તેમની સંમતિથી આંક આપી રેકર્ડ પર લીધેલ છે) | ૧૪ |
| ૪. | ભોગ બનનારના શાળા છોડયાના પ્રમાણપત્રની નકલ (બચાવપક્ષે કબુલ રાખેલ હોય, તેમની સંમતિથી આંક આપી રેકર્ડ પર લીધેલ છે) | ૧૫ |
| ૫. | ભોગ બનનારના આધારકાર્ડની નકલ (બચાવપક્ષે કબુલ રાખેલ હોય, તેમની સંમતિથી આંક આપી રેકર્ડ પર લીધેલ છે) | ૧૬ |
| ૬. | ભોગ બનનારના જન્મના પ્રમાણપત્રની ખરાઈનો રીપોર્ટ (બચાવપક્ષે કબુલ રાખેલ હોય, તેમની સંમતિથી આંક આપી રેકર્ડ પર લીધેલ છે) | ૧૭–૧૯ |
| ૭. | નાંદોલા શાળાએ આપેલ પ્રમાણપત્ર | ૧૮ |

| | | |
|---|---|---|
| | (બચાવપક્ષે કબુલ રાખેલ હોય, તેમની સંમતિથી આંક આપી રેકર્ડ પર લીધેલ છે) | ૧૯ |
| ૮. | નાંદોલા ગ્રામ પંચાયતે આપેલ પ્રમાણપત્ર (બચાવપક્ષે કબુલ રાખેલ હોય, તેમની સંમતિથી આંક આપી રેકર્ડ પર લીધેલ છે) | ૨૦ |
| ૯. | ગુનાવાળી જગ્યાનું પંચનામુ (બચાવપક્ષે કબુલ રાખેલ હોય, તેમની સંમતિથી આંક આપી રેકર્ડ પર લીધેલ છે) | ૨૧ |
| ૧૦. | ભોગ બનનારના કપડા કબજે કર્યાનું પંચનામુ (બચાવપક્ષે કબુલ રાખેલ હોય, તેમની સંમતિથી આંક આપી રેકર્ડ પર લીધેલ છે) | ૨૨ |
| ૧૧. | આરોપીની શરીરસ્થીતી તથા તેના કપડા કબજે કર્યાનું પંચનામુ (બચાવપક્ષે કબુલ રાખેલ હોય, તેમની સંમતિથી આંક આપી રેકર્ડ પર લીધેલ છે) | ૨૩ |
| ૧૨. | સરકારી પંચો ફાળવવાની યાદી | ૨૫ |
| ૧૩. | સ્થળ પરીક્ષણનો અહેવાલ | ૨૬ |
| ૧૪. | ભોગ બનનારની મેડીકલ તપાસણીની યાદી | ૨૭ |
| ૧૫. | રવાનગી નોંધ | ૨૮ |
| ૧૬. | એફએસએલની પહોંચ | ૨૯ |
| ૧૭. | એફએસએલનો બાયોલોજી તથા સીરોલોજી પરીક્ષણનો રીપોર્ટ | ૩૦ |
| ૧૮. | મુદામાલ સાથેની પંચોની સહીઓ વાળી સ્લીપો | ૩૧ થી ૩૭ |
| ૧૯. | આરોપીના સેમ્પલો લેવાની યાદી | ૩૯ |
| ૨૦. | આરોપીની મેડીકલ તપાસણીનું સર્ટીફીકેટ | ૪૦ |
| ૨૧. | ભોગ બનનારના નમુનાઓ લીધેલ તેના પેપર્સ | ૪૨ |
| ૨૨. | ભોગ બનનારનું ડિસચાર્જ કાર્ડ | ૪૪ |

**(બી) <u>બચાવપક્ષે દસ્તાવેજી પુરાવા જો હોય તો</u>,**
**(List of Defence Exhibit, if any)**

| અ. નં. | દસ્તાવેજનું નામ | દસ્તાવેજનું વર્ણન |
|---|---|---|
| – | – | – |

**કોર્ટ તરફે અંકિ પાડેલા દસ્તાવેજો**
**(List of Court Exhibit, if any)**

| અ.નં . | દસ્તાવેજનું નામ | દસ્તાવેજનું વર્ણન |
|---|---|---|
| – | – | – |

**<u>ભોગ બનનાર તથા આરોપીના કપડા કબજે કર્યાની મુદામાલ પાવતીની વિગત</u>**

| અનુક્રમ નં. | આર્ટીકલ નં. | મુદામાલની વિગત |
|---|---|---|
| ૧. | ૧ | ભોગ બનનારનો ફુલની ડિઝાઈનવાળો કાળા કલરનો ટોપ |
| ૨. | ૨ | ભોગ બનનારનો સફેદ ફુલની ડિઝાઈનવાળો કાળા કલરનો ઈજાર |
| ૩. | ૩ | ભોગ બનનારનો સફેદ ફુલની ડિઝાઈનવાળો કાળા કલરનો દુપટ્ટો |
| ૪. | ૪ | ભોગ બનનારની સફેદ કલરની બ્રા |
| ૫. | ૫ | ભોગ બનનારની આછા બ્લુ કલરની નીકર |
| ૬. | ૬ | અરોપીનું સફેદ કલરનું શર્ટ |
| ૭. | ૭. | આરોપીનું કાળા કલરનું પેન્ટ |

**<u>ચુ કા દો</u>**

**૦૧)** આ કામે આ ચુકાદાની ચર્ચા કરતા પહેલા અત્રેએ નોંધ કરવી જરૂરી જણાય છે કે, હાલના આરોપી સામે જાતિય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબત અધિનીયમ, ૨૦૧૨ હેઠળનો ગુનો કર્યાનો આક્ષેપ છે, તેથી **પોકસો એકટ,૨૦૧૨ની કલમ ૩૩(૭)** તથા **નિપુન સકસેના વિ. યુનિયમ ઓફ ઈન્ડીયા** ૨૦૧૯ (૨) એસએસસી ૭૦૩, **દિનેશ વિરૂધ્ધ સ્ટેટ ઓફ રાજસ્થાન** (એઆઈઆર ૨૦૦૬ એસસી ૧૨૬૭ ) તથા **સ્ટેટ ઓફ કર્ણાટક વિરુધ્ધ પુટ્ટારાજા** (એઆઈઆર ૨૦૦૪ એસસી ૪૩૩ ઉપર પ્રસિધ્ધ થયેલ

ચુકાદામાં નામદાર સુપ્રિમ કોર્ટે એવો સિધ્ધાંત પ્રસ્થાપીત કરેલ છે કે, '' દુષ્કર્મ /બળાત્કારના કીસ્સામાં ભોગ બનનાર બાળકની ઓળખ કોઈપણ રીતે છતી ન થાય તે બાબતે ખાસ કાળજી લેવા માટેના કાનૂની પ્રબંધો કરવામાં આવેલ હોય, જેથી આ સિધ્ધાંતને આધારે આ અદાલત દ્વારા ભોગ બનનાર ''.....''નાં નામનો ઉલ્લેખ આ જજમેન્ટમાં કોઈ જગ્યાએ કરેલ નથી અને તેમના પરીવારના સભ્યોના નામનો પણ ઉલ્લેખ કરવામાં આવેલ નથી અને ભોગ બનનારના પિતા/ફરીયાદીનો ઉલ્લેખ ''ભોગ બનનારના પિતા'' તે રીતે ઉલ્લેખ કરેલ છે.

**૦૨)** ફરીયાદપક્ષના કેસની ટુંક હકીકત એવી છે કે, આ કામના ફરીયાદીની સગીર વયની ભોગ બનનાર પુત્રી ઉ.વ.આ. ૧૬વાળીને આ કામના આરોપી સને ૨૦૨૫ થી તા. ૧૦/૨/૨૦૨૬ના સમયગાળા દરમ્યાન લલચાવી ફોસલાવી તથા તેણી સગીર વયની હોવાનું જાણતા હોવા છતાં તેણીનું અપહરણ કરીને લઈ ગયેલ અને તેણીની સાથે અવારનવાર શરીરસંબંધ બાંધી બળાત્કાર કરી તેણીને ગર્ભવતી બનાવી દીધેલ અને તે રીતે જાતીય હુમલા, પ્રવેશ જાતીય હુમલો, ગંભીર પ્રવેશ જાતીય હુમલા કરેલ, આ કેસની તપાસના અંતે આરોપી વિરૂધ્ધ પૂરતો પુરાવો જણાતા સ્પે. અદાલતમાં ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૩૭(૨), ૮૭, ૬૩, ૬૪(૨)(આઈ),(કે) (એમ), ૬૫(૧) તથા જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતા અધિનિયમ ૨૦૧૨ની કલમ ૪, ૫(જે-૨) તથા ૬ મુજબના ગુન્હા અંગેનું હાલનું ચાર્જશીટ દાખલ કરેલ. આ કામે સદરહુ ચાર્જશીટ આ અદાલતમાં રજૂ થતા, સદરહુ ગુન્હા અં ગેની ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની સત્તા એક માત્ર સ્પે. (પોકસો)

કોર્ટને હોય, આરોપી સામેના આ કેસની ઈન્સાફી કાર્યવાહી આ અદાલતમાં હાથ ધરવામાં આવેલ છે. આ કેસમાં ફરીયાદપક્ષ તરફેના ફોર્મ''સી' મુજબના સાક્ષીઓનો મૌખિક પુરાવો રેકર્ડ કરવામાં આવેલ તથા ઉપર મુજબનો દસ્તાવેજી પુરાવો રેકર્ડ કરવામાં આવેલ છે. ત્યારબાદ ફરીયાદ પક્ષ તરફે પુરાવો પુરો થયાની આંક જપથી પુરશીશ રજુ થતાં ફરીયાદ પક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે.

૦૩) આમ, ફરિયાદપક્ષનો લેખિત તેમજ મૌખિક પુરાવો પુરો થતાં આરોપીઓની વિરૂદ્ધ જે પુરાવો પડેલ છે તે અંગે આરોપીને બચાવ તથા ખુલાસાની યોગ્ય અને વ્યાજબી તક મળી રહે તે માટે આરોપીનું ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ ૩૫૧ હેઠળ વિશેષ નિવેદન લ ેવામાં આવેલ છે, તેમાં આરોપીએ ફરિયાદપક્ષના મૌખિક પુરાવાને નકારી કાઢેલ છે અને જણાવેલ છે કે, તેઓ નિર્દોષ છે અને તેઓની સામે ખોટો કેસ કરવામાં આવેલ છે. તેઓને બચાવના સાહેદ તપાસવા છે કે સોગંદ પર પુરાવો આપવો છે તેવું પુછતા તેઓએ ઈન્કાર કરેલ છે.

૦૪) ફરિયાદપક્ષ તરફે વિદ્વાન એ.પી.પી.શ્રી તથા આરોપીપક્ષ તરફે વિદ્વાન વકીલશ્રીની મૌખિક દલીલો સાંભળેલ છે.

૦૫) ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ મૌખિક તેમજ લેખિત પુરાવો ધ્યાનમાં લેતાં તથા બંને પક્ષકારોના વિદ્વાન વકીલશ્રીઓની દલીલો ધ્યાનમાં લેતાં તથા કેસની હકીકત અને સંજોગો ધ્યાને લેતાં સદર કેસના આખરી નિર્ણય સારૂ નીચે મુજબના મુદા ઉપસ્થિત થાય છે.

## :: <u>મુદ્દા</u> ::

**::૧::** શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના ફરીયાદીની પુત્રી અર્થાત ''ભોગ બનનાર'' બનાવ સમયે સગીરવયની હોવાનું પુરવાર થાય છે ?

::૨:: શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપી ભોગ બનનાર સગીર વયના હોવાનું જાણતા હોવા છતાં આ કામના ફરીયાદીની ભોગ બનનાર પુત્રી ઉ.વ.આ. ૧૬વાળીને આ કામના આરોપી સને ૨૦૨૫ થી તા. ૧૦/૨/૨૦૨૬ના સમયગાળા દરમ્યાન લલચાવી ફોસલાવી તથા તેણી સગીર વયની હોવાનું જાણતા હોવા છતાં તેણીનું અપહરણ કરીને લઈ ગયેલ અને તેણીની સાથે અવારનવાર શરીરસંબંધ બાંધી બળાત્કાર કરી તેણીને ૬ માસની ગર્ભવતી બનાવી દીધેલ અને તે રીતે જાતીય હુમલા, પ્રવેશ જાતીય હુમલો, ગંભીર પ્રવેશ જાતીય હુમલા તથા જાતીય સતામણી કરેલ, આ કેસની તપાસના અંતે આરોપી વિરૂધ્ધ પૂરતો પુરાવો જણાતા સ્પે. અદાલતમાં ભારતીય ન્યાય સં હિતાની કલમ ૧૩૭(૨), ૮૭, ૬૩, ૬૪(૨) (આઈ) (કે) (એમ), ૬૫(૧) તથા જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતા અધિનિયમ ૨૦૧૨ની કલમ ૪, ૫(જે) (૨) તથા ૬ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કર્યો છે ?

**::૩::** શું હુકમ ?

**૦૬)** ઉપરોકત મુદાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે ::

**:૧: હકારાત્મક.**
**:૨: નકારાત્મક.**
**:૩: આખરી હુકમ મુજબ.**

## <u>કા ર ણો</u>

૦૭) ફરિયાદપક્ષ તરફે વિદ્વાન એ.પી.પી.શ્રીને સાંભળવામાં આવેલા. તેઓ દ્વારા દલીલ કરવામાં આવેલ છે કે, આ કામના ભોગ બનનારના પિતા–ફરીયાદી તથા ભોગ બનનાર, તેણીના મામા, મામી તથા મોટી બહેન કે જેઓ આ કેસના સૌથી મહત્વના સાક્ષીઓ છે, તેણીએ ફરીયાદપક્ષના કેસને સર્મથનકારક પુરાવો આપેલ નથી. આ કેસમાં ફરીયાદ લેનાર, તપાસ તથા ચાર્જશીટ કરનાર પોલીસ અધિકારીના મૌખીક પુરાવાઓના આધારે તથા બચાવપક્ષે મેડીકલ પેપર્સ તથા પંચનામાઓ કબુલ કરેલા હોય તે હકીકતોથી ફરીયાદપક્ષનો કેસ સાબીત થયેલ છે તેથી આરોપી ને તેમની વિરૂદ્ધના ગુના સબબ તકસીરવાન ઠરાવવા જોઈએ તેવી રજુઆત કરેલ છે.

આરોપી તરફે વિદ્વાન વકીલશ્રી દ્વારા રજુઆત થયેલ છે કે, ફરીયાદપક્ષ આરોપીઓ વિરૂદ્ધનું તહોમત નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે. આ કામના આ કામના ભોગ બનનારના પિતા અર્થાત ફરીયાદી, ભોગ બનનાર, ભોગ બનનારની મોટી બહેન તથા ભોગ બનનારના મામા, મામીએ કોઈપણ જાતનો સર્મથનકારક પુરાવો ન આપતા ફરીયાદપક્ષે ફરી ગયેલા જાહેર કરેલ તથા કોઈ ડીએનએ રીપોર્ટ કરાવેલ નથી તથા ભોગ બનનારે મેડીકલ તપાસણી કરાવવાનો ઈન્કાર કરેલ હોવા છતાં ગાયનેક ડોકટરે કાયદા વિરૂધ્ધ તેણીની મેડીકલ તપાસણી કરી બે દિવસ હોસ્પીટલમાં દાખલ રાખેલ. વધુમાં આ કેસના ભોગ બનનાર, ફરીયાદી તથા અન્ય મહત્વના સાક્ષીઓએ આરોપી ભોગ બનનાર સગીર વયની હોય ત્યારે તેણીને લલચાવી ફોસલાવી ભગાડીને લઈ ગયેલ હોય કે તેણીની સાથે અવારનવાર શારીરીક સંબંધ બાંધેલ હોય અથવા ગર્ભવતી કરી દીધેલ હોય તેવા બનાવનો ઈન્કાર કરેલ

છે તથા ભોગ બનનારે પોતાની ઉંમર ૨૦ વર્ષની જણાવેલ છે. આમ ફરીયાદી,ભોગ બનનાર, તેણીના મામા, મામી અને મોટી બહેનના પુરાવાથી આરોપીની વિરૂધ્ધનો આક્ષેપીત ગુના અન્વયે કોઈ પુરાવો રેકર્ડ પર આવેલ નથી. આ કેસમાં એફએસએલના રીપોર્ટ મુજબ પણ હાલના આરોપીએ કોઈ ગુનો કરેલ હોય તેવો કોઈ જ સાયન્ટીફીક પુરાવો રેકર્ડ પર આવેલ નથી. આ કેસમાં હાલના આરોપીએ આક્ષેપીત ગુનો કરેલ હોય તેવો કોઈ જ સબળ કે મહત્વનો પુરાવો રેકર્ડ પર આવેલ નથી. તેઓએ અંતે એવી દલીલો આરોપીને તેમની વિરૂદ્ધના આક્ષેપીત ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવા જોઈએ તેવી ભારપૂર્વક રજુઆત કરેલ છે.

**<u>મુદ્દા નં.૧ :-</u>**

૦૮) આ કામના ફરીયાદપક્ષનો આરોપી વિરૂદ્ધ જે તહોમતનામા અન્વયે આક્ષેપ કરવામાં આવેલ છે. આ આક્ષેપો સાબિત કરવા માટે કુલ-૦૯ સાહેદોને તપાસેલ છે. હાલના કેસમાં પ્રથમ એ મુદ્દો ઉપસ્થિત થયેલ છે કે શું ફરિયાદ પક્ષ પુરાવાથી એવું સાબિત કરે છે કે, આ બનાવની ભોગ બનનાર બનાવ સમયે સગીર હતી કે કેમ ? બનાવનો ભોગ બનનાર પુરુષ હોય અને તે ૧૬ વર્ષથી નીચેની વયનો હોય અને સ્ત્રી હોય તો ૧૮ વર્ષથી નીચેની વયની હોય તેવુ ફરીયાદપક્ષે સાબિત કરવાનું રહે છે. હાલના કિસ્સામાં બચાવપક્ષની સંમતિથી ભોગ બનનારના જન્મના પ્ર માણપત્રની નકલ આંક ૧૪થી, તથા શાળા છોડયાનો દાખલાની નકલ આં ક ૧૫ થી રજુ થયેલ છે.

આંક ૧૪ તથા આંક ૧૫થી રજુ થયેલ ભોગ બનનારના જન્મના પ્રમાણપત્રની નકલો વંચાણે લેતા તેમાં ભોગ બનનારની જન્મતારીખ ૧

૨/૦૬/૨૦૧૦ હોવાનું દર્શાવેલ છે. આ સંજોગોમાં ના. સુપ્રીમ કોર્ટે **જર્નેલસિંઘ વિરૂઘ્ધ સ્ટેટ ઓફ હરીયાણા** (એઆઈઆર ૨૦૧૩ સુપ્રીમ કોર્ટ ૩૪૬૭)ના ચુકાદામાં જુવેનાઈલ **જસ્ટીસ(કેર એન્ડ પ્રોટેકશન ઓફ ચીલ્ડ્રન)એકટ ૨૦૧૫ની કલમ ૯૪** માં પણ બાળકની ઉંમર નકકી કરતી વખતે જે જે દસ્તાવેજો રજુ કરવાનું જણાવવામાં આવેલ છે, તે અન્વયેના દસ્તાવેજી પુરાવાઓ ફરીયાદપક્ષ તરફથી કાયદા મુજબ પુરવાર કરવામાં સફળ રહેલા છે. આમ ભોગ બનનારની જ.તા. ૧૨/૦૬/૨૦૧૦ તથા ફરીયાદ તા. ૧૦/૨/૨૦૨૬ના રોજ નોંધાયેલ હોય, તેથી આ સમયની ગણતરી કરતા ફરીયાદ કર્યાના દિવસે ભોગ બનનાર ૧૫ વર્ષ કરતા મોટી અને ૧૬ વર્ષ કરતા નાની હોવાનું જણાય છે. જેથી બનાવ વખતે ભોગ બનનાર સગીર વયની હોવાનું ફરિયાદપક્ષે નિઃશંકપણે પુરવાર કરેલ છે. તેવા સંજોગોમાં ફરિયાદપક્ષ મુદ્ધા નંબર–૧ સબળ, વિશ્વસનીય અને આધારભૂત પુરાવાથી પુરવાર કરવામાં સફળ રહેલ હોય, **મુદ્ધા નંબર– ૧** નો નિર્ણય "**હકારાત્મક**" હોવાનું ઠરાવવામાં આવે છે.

**૦૯) –: <u>મુદ્દા નં.૨</u> :–**

આ કામના આરોપી પર ઉપરોકત વિગતેનો ચાર્જ મુકવામાં આવેલ છે, આ આક્ષેપની સાબિતિ માટે એકમાત્ર ભોગ બનનાર જ એવી વ્યકિત છે કે તે પોતાની સાથે બનેલ બનાવ અંગેની હકીકત જણાવી શકે. **આ કામમાં ભોગ બનનારને આંક ૧૨થી તપાસવામાં આવેલા.** તેણીએ એવો પુરાવો આપેલ કે, તેના પરીવારમાં તે, તેના પિતા તથા બહેનો સાથે રહે છે. તેના માતા તા. ૧૭/૧/૨૦૨૬ના રોજ ગુજરી ગયેલ છે. તેણીએ ધોરણ ૦૮ સુધી અભ્યાસ કરેલ છે. બનાવ અં ગે તેણીએ એવો પુરાવો આપેલ છે કે, બનાવની ચોકકસ તારીખ યાદ

નથી, પરંતું પોલીસ સ્ટેશન ગયેલ તેના થોડા દિવસો અગાઉ તેણીને પેટમાં દુ:ખતુ હતુ અને તબીયત સારી રહેતી ન હોય, તેની જાણ તેણીએ પોતાની મોટી બહેનને કરેલ, ત્યારબાદ તેણીને માંગરોળ ખાતે સરકારી દવાખાને લઈ ગયેલ અને ડોકટરે તપાસીને તેણી ગર્ભવતી હોવાનું જણાવેલ. તેણી કોનાથી પ્રેગનન્ટ થયેલ તેની વાત તેણીએ તેના પરીવારના સભ્યો કે ડોકટર સમક્ષ જણાવેલ ન હતુ. હોસ્પીટલમાં ત્રણેક દિવસ દાખલ રહેલ, આ દરમયાન ડોકટરે તેણીના શરીરમાંથી કોઈ નમુનાઓ લીધેલાનો ઈન્કાર કરેલ. પોલીસે ફકત તેણીનું નામ અને સરનામુ પુછેલ, આ સીવાય અનય કોઈપણ હકીકત પોલીસને જણાવેલાનો ઈન્કાર કરેલ. ત્યારબાદ પોલીસ તેના પિતાને પોલીસ સ્ટેશન લઈ ગયેલ ત્યાં કોઈ કાગળો ઉપર તેના પિતાની સહી લીધેલ. પોલીસે તેણી પાસે થી કપડા લીધેલાનો ઈન્કાર કરેલ તથા પોલીસને કોઈ જગ્યા બતાવેલાનો ઈન્કાર કરેલ. પોલીસ તેણીને મેડીકલ તપાસણી કરાવવા લઈ ગયેલાનો ઈન્કાર કરેલ. પોલીસના કહેવાથી ના. કોર્ટમાં જવાનો પ્રસંગ બનેલ અને પોલીસના સમજાવ્યા મુજબનું નિવેદન ન્યાયધીશશ્રી સમક્ષ લખાવેલ. તેણીના પુરાવા દરમીયાન આંક -૧૩થી બીએનએસએસની કલમ ૧૮૩ હેઠળનું નિવેદન રજુ થયેલ. ભોગ બનનારે વધુમાં એવો પણ પુરાવો આપેલ કે, આરોપી તેમના ફળીયામાં રહેતો હોય ઓળખે છે. હાલના આરોપીએ તેણી સગીર વયની હોય તે દરમયાન તેણીને લલચાવી ફોસલાવી ભગાડીને લઈ ગયેલ હોય કે તેણીની સાથે અવારનવાર શારીરીક સંબંધ બાંધી ગર્ભવતી બનેલ હોય

તેવું બનેલ નથી અને આવી કોઈ વિગત પોલીસને, ડોકટરે, જજ સાહેબને, તેના પરીવારના સભ્યોને કરેલ નથી. તેણીએ મુદામાલના કપડા ઓળખવાનો ઈન્કાર કરેલ. આમ **ભોગ બનનારે આક્ષેપીત બનાવ ની કોઈપણ હકીકતોને સર્મથન ન આપતા તેણીને ફરી ગયેલા જાહેર કરી તેણીને ઉલટતપાસમાં પુછી શકાય તેવા પશ્નો પુછવાની એ.પી.પી.શ્રીને પરવાનગી આપવામાં આવેલ અને તેઓની વિગતવાર ની ઉલટતપાસ કરાયેલ હોય છતાં પણ આ ''ભોગબનનાર'' એ ફરીયાદપક્ષના કેસની હકીકતોને લેશમાત્ર સર્મથન આપેલ નથી.** બચાવપક્ષ તરફથી કરવામાં આવેલ ઉલટતપાસમાં ભોગ બનનારે તે હકીકતનો સ્વીકાર કરેલ કે, આરોપી નિતીન કમલેશભાઈ વસાવા તેના મામાના ફળીયામાં રહેતો હોય તેણી ઓળખે છે. આ વ્યકિત એ તેણીને કોઈપણ રીતે લલચાવી ફોસલાવી ભગાડીને તેણીનું અપહરણ કરીને લઈ ગયેલ હોય કે તેણીની સાથે અવારનવાર શારીરીક સંબંધ બાંધી ગર્ભવતી બનાવેલ હોવાનો ઈન્કાર કરેલ. વધુમાં ભોગ બનનારે તેવો પણ સ્વીકાર કરેલ કે, આવી કોઈ વિગત પોલીસને, ડોકટરે, જજ સાહેબને, તેના પરીવારના સભ્યોને કરેલ નથી. આમ આ ભોગ બનનારે આક્ષેપીત બનાવની કોઈપણ હકીકતને સર્મથન આપેલ નથી તથા હાલના આરોપીએ તેણીને ગર્ભવતી બનાવેલ હોય તેવી કોઈ જ હકીકત જણાવેલ નથી. આમ ભોગ બનનારનો પુરાવો ફરીયાદપક્ષને લેશમાત્ર પણ મદદરૂપ થતો નથી. આ તબકકે કાયદા મુજબ કોઈપણ કેસ સાબીત કરવા માટે કોઈ નિશ્ચિત સંખ્યામાં સાહેદો તપાસવા જરૂરી નથી. ફકત બનાવને સર્મથન કરતા એક જ સાહેદની જુબાની ઉપરથી બનાવ હકીકત સાબીત ગણી શકાય, પરંતું જયારે એક જ સાહેદની જુબાની ઉપર આધાર

રાખીને બનાવ સાબીત ગણવો હોય તો તે સાહેદની જુબાની એટલી સુદ્દઢ હોવી જોઈએ કે જેથી તેના ઉપર આધાર રાખી ને આરોપીને તકસીરવાન ઠરાવી શકાય. એકમાત્ર સાહેદના પુરાવા ઉપર આધાર રાખી આરોપીને સજા થઈ શકે તે માટે આવા સાહેદની વિશ્વસનીયતા કોઈપણ વિરૂધ્ધના સંજોગોથી શંકાસ્પદ હોવી જોઈએ નહી. વધુમાં ઉપર જણાવ્યા મુજબ ભોગ બનનારે હાલના કેસને લેશમાત્ર પણ સર્મથન આપેલ નથી તેથી તેણીનો પુરાવો શંકાસ્પદ અને માનવાલાયક જણાતો નથી તેમજ તેણીના પુરાવાને કોઈપણ રીતે મેડીકલ પુરાવાઓથી કે સાયન્ટીફીક પુરાવાઓથી પણ સર્મથન મળતું નથી. આમ ભોગ બનનારે તેણીને આરોપી કોઈપણ રીતે લલચાવી ફોસલાવી લઈ ગયેલ હોય કે તેણીની સાથે દુષ્કર્મ કરેલ હોય તેવો લેશમાત્ર પુરાવો આપતા નથી એટલું જ નહી બીએનએસએસની કલમ ૧૮૩ મુજબના નિવેદન અન્વયે એવો પુરાવો આપેલ કે, તેમા પણ તેણીએ પોલીસને જણાવેલ હકીકતો જ જણાવેલ. આમ તેણીએ ન્યાયધીશશ્રી સમક્ષના નિવેદનમાં પણ આક્ષેપીત બનાવની કોઈ જ હકીકત જણાવેલ હોય તેવું આ અદાલત સમક્ષના પુરાવામાં જણાવતા નથી તથા આ નિવેદનને સ્વૈચ્છાપૂર્વકનું ગણી શકાય નહી.

૧૦) ફરીયાદપક્ષ તરફે **સાહેદ નં.૧થી ફરીયાદી– ભોગ બનનારના પિતાને આંક ૧૨થી** તપાસવામાં આવેલ. તેઓએ એવો મૌખીક પુરાવો આપેલ કે, તેના પરીવારમાં તે તથા ત્રણ દિકરીઓ છે. તેના પત્નીનું અવસાન થયેલ છે. ભોગ બનનાર નાની દિકરી છે. તેનો જન્મ તેમના ગામમાં થયે. તેણીએ ધોરણ ૦૮ સુધી અભ્યાસ કરેલ છે.

વધુમાં પુરાવો આપેલ કે, બનાવ કઈ તારીખે બનેલ તે યાદ નથી. બનાવના દિવસે તે તેમના ગામમાં લગ્ન પ્રસંગમાં હાજરી આપવા ગયેલ હતો અને ત્યાંથી જાણવા મળેલ કે ભોગ બનનારને માંગરોળ ખાતે સરકારી દવાખાને સારવાર માટે લઈ ગયેલ, જેથી તેઓ માં ગરોળ સરકારી દવાખાને ગયેલ અને ત્યાં ભોગ બનનારને પેટમાં દુ:ખતું હોય, ત્યા તેણીની સારવાર કરાવેલ, ત્યારબાદ ઘરે પરત આવતા રહેલ,ત્યારબાદ પોલીસ તેમના ઘરે આવેલ અને તેમને તથા તેમની ભોગ બનનાર દિકરીને ઝંખવાવ પોલીસ સ્ટેશન લઈ ગયેલા અને ત્યાં કોઈ લખાણ કરેલા તેમા તેમની પોલીસે સહી લીધેલ. આ કાગળમાં શું લખેલ હતુ તેની ખબર ન હોવાનું જણાવેલ તથા આ લખાણ વાંચેલ નહી અને પોલીસે વાંચી સંભળાવેલ ન હતું. જે ફરીયાદ આંક ૦૮થી રજુ થયેલ છે. પોલીસે ભોગ બનનારની પુછપરછ કરેલ, જેમાં ભોગ બનનારે તેમાં શું હકીકત જણાવેલ તેની ખબર નથી. વધુમાં પુરાવો આપેલ કે, ત્યારબાદ પોલીસ ભોગ બનનારની મેડીકલ તપાસણી કરાવવા લઈ ગયેલા, જયાં તેણીએ મેડીકલ તપાસણીનો ઈન્કાર કરેલ. પોલીસે ભોગ બનનાર પાસેથી કોઈ કપડા કબજે લીધેલ નહી. આરોપી નીતીન કમલેશભાઈ વસાવાને ઓળખતા હોવાનું જણાવેલ, પરંતું આ વ્યકિત તેમની ભોગ બનનારને લગ્ન કરવાની લાલચ આપી ભગાડી લઈ ગયેલ હોય કે તેણીની સાથે અવારનવાર શારીરીક સંબંધ બાંધી ગર્ભવતી બનાવેલ હોય તેવી કોઈ વિગત ભોગ બનનારે તેઓને જણાવેલાનો ઈન્કાર કરેલ. મુદામાલના કપડા ઓળખવાનો ઈન્કાર કરેલ. **આમ ફરીયાદીએ આક્ષેપીત બનાવની કોઈપણ**

**હકીકતોને સર્મથન ન આપતા તેઓને ફરી ગયેલા જાહેર કરી તેઓને ઉલટતપાસમાં પુછી શકાય તેવા પશ્નો પુછવાની એ.પી.પી.શ્રી ને પરવાનગી આપવામાં આવેલ અને તેઓની વિગતવારની ઉલટતપાસ કરાયેલ હોય છતાં પણ આ ''ફરીયાદી'' એ ફરીયાદપક્ષના કેસની હકીકતોને લ ેશમાત્ર સર્મથન આપેલ નથી.** આ ફરીયાદીએ ઉલટતપાસમાં સ્વીકારેલ કે, પોલીસે ફરીયાદમાં શું લખેલ તેની કંઈ ખબર ન હોવાનું જણાવેલ. પોલીસે તૈયાર લખેલા કાગળમાં સહી કરવાનું કહેતા તેઓએ સહી કરેલ. તેઓને માત્ર સહી કરતા આવડે છે. બાકી ગુજરાત ભાષા વાંચતા આવડતી હોવાનો ઈન્કાર કરેલ. આમ આ ફરીયાદીના પુરાવાનું મૂલ્યાંકન કરીએ તો તેઓએ આક્ષેપીત બનાવની કોઈપણ હકીકતોને સર્મથન આપેલ નથી, આમ આ ફરીયાદીનો પુરાવો ફરીયાદપક્ષને લેશમાત્ર પણ મદદરૂપ થતો નથી.

**૧૧)** ફરીયાદપક્ષ તરફે **સાહેદ નં. ૩થી ભોગ બનનારના મોટા બહેનને આંક ૧૦થી** તપાસવામાં આવેલ. તેઓએ એવો પુરાવો આપેલ કે તેઓ ત્રણ બહેનો છે, જે પૈકી ભોગ બનનાર સૌથી નાની છે. ભોગ બનનારે ધોરણ ૮ સુધી અભ્યાસ કરેલ છે. તેણીના માતા આશરે બે થી અઢી માસ પહેલા કેન્સરના કારણે ગુજરી ગયેલ. બનાવની ચોકકસ તારીખ જણાવેલ નહી પરંતું તેણી પોતાના સાસરામાં હતી ત્યારે બપોરના સમયે ભોગ બનનારનો ફોન આવેલ કે તેણીને સારવાર માટે દવાખાને લઈ ગયેલ છે અને તેણીને પેટમાં ખુબ જ દુ:ખાવો થાય છે, ત્યારબાદ તેણીના પિતા, મામા, મામી સરકારી દવાખાને ગયેલ અને ભોગ બનનારની સારવાર થયા બાદ ઘરે પરત ગયેલ. ત્યારબાદ ઝંખવાવ

પોલીસવાળા તેના પિતા તથા બહેનને પોલીસ સ્ટેશન લઈ ગયેલ, ત્યાં પોલીસે શું કાર્યવાહી કરેલ તેની ખબર નથી. તેઓ આરોપી નિતીન કમલ ેશભાઈ વસાવા તેના ફળીયામાં રહેતો હોય તેણી ઓળખે છે. આ નામની વ્યકિતએ ભોગ બનનારને કોઈપણ રીતે લલચાવી ફોસલાવી ભગાડી ને તેણીનું અપહરણ કરીને લઈ ગયેલ હોય કે તેણીની સાથે અવારનવાર શારીરીક સંબંધ બાંધી ગર્ભવતી બનાવેલ હોવાની હકીકત જાણતા હોવાનો ઈન્કાર કરેલ. **આમ ભોગ બનનારના મોટા બહેને આક્ષેપીત બનાવની કોઈપણ હકીકતોને સર્મથન ન આપતા તેઓને ફરી ગયેલા જાહેર કરી તેઓને ઉલટતપાસમાં પુછી શકાય તેવા પશ્નો પુછવાની એ.પી.પી.શ્રી ને પરવાનગી આપવામાં આવેલ અને તેઓની વિગતવારની ઉલટતપાસ કરાયેલ હોય છતાં પણ આ સાહેદે ફરીયાદપક્ષના કેસની હકીકતોને લ ેશમાત્ર સર્મથન આપેલ નથી.** આ સાહેદે ઉલટતપાસમાં સ્વીકારેલ કે, પોલીસે નીવેદનમાં શું લખેલ તેની ખબર નથી અને પોલીસે ફકત નામ સરનામુ પુછેલ. આમ આ સાહેદના પુરાવાનું મૂલ્યાંકન કરીએ તો તેઓએ આક્ષેપીત બનાવ ની કોઈપણ હકીકતોને સર્મથન આપેલ નથી, આમ આ સાહેદનો પુરાવો ફરીયાદપક્ષને લેશમાત્ર પણ મદદરૂપ થતો નથી.

**૧૨)** ફરીયાદપક્ષ તરફે **સાહેદ નં. ૨થી ભોગ બનનારના મામીને આંક ૦૯થી** તપાસવામાં આવેલ. તેઓએ એવો પુરાવો આપેલ કે તેમની નણં દના લગ્નથી ૦૩ દિકરીઓના જન્મ થયેલ અને ભોગ બનનાર તેમના પરીવારનું સૌથી નાનુ સંતાન છે અને ભોગ બનનાર તેમના ઘરે આવતી હતી. તેણીના નણંદ બે ત્રણ માસ અગાઉ કેન્સરની બીમારીથી ગુજરી ગયેલ. બનાવની ચોકકસ તારીખ જણાવેલ નહી પરંતું અલ્પેશ

વસાવાએ તેણીને ફોન કરેલ કે તેમની ભાણેજ ને માંગરોળ સરકારી દવાખાને લઈ ગયેલ છે, જેથી તેઓ તથા તેના પતિ માંગરોળ સરકારી દવાખાને ગયેલ, જયાં તેમની ભાણેજને પેટમાં ખુબ જ દુ:ખાવો હોય ડોકટરે તેણીની મેડીકલ તપાસણી કરેલ અને સારવાર કરેલ, ત્યારબાદ તેણીના પતિએ ભોગ બનનારના પિતાને ફોન કરી સરકારી દવાખાને બોલાવેલ, ત્યારબાદ સારવાર કરાવી પરત ઘરે ગયેલ. ત્યારબાદ પોલીસવાળા ભોગ બનનારના પિતાના ઘરે આવેલ અને કોઈ કાગળો પર સહી કરાવેલ અને તેમની તથા તેના પતિની પુછપરછ કરેલ, તેમાં ઉપરોકત હકીકત લખાવેલ. તેઓ આરોપી નિતીન કમલેશભાઈ વસાવા તેના ફળીયામાં રહેતો હોય તેણી ઓળખે છે. આ વ્યકિતએ ભોગ બનનારને કોઈપણ રીતે લલચાવી ફોસલાવી ભગાડીને તેણીનું અપહરણ કરીને લઈ ગયેલ હોય કે તેણીની સાથે અવારનવાર શારીરીક સંબંધ બાંધી ગર્ભવતી બનાવેલ હોવાની હકીકત જાણતા હોવાનો ઈન્કાર કરેલ. **આમ ભોગ બનનારના મામીએ આક્ષેપીત બનાવની કોઈપણ હકીકતોને સર્મથન ન આપતા તેઓને ફરી ગયેલા જાહેર કરી તેઓને ઉલટતપાસમાં પુછી શકાય તેવા પશ્નો પુછવાની એ.પી.પી.શ્રીને પરવાનગી આપવામાં આવેલ અને તેઓની વિગતવારની ઉલટતપાસ કરાયેલ હોય છતાં પણ આ સાહેદે ફરીયાદપક્ષના કેસની હકીકતોને લેશમાત્ર સર્મથન આપેલ નથી.** આ સાહેદે ઉલટતપાસમાં સ્વીકારેલ કે, પોલીસે નીવેદનમાં શું લખેલ તેની ખબર નથી અને પોલીસે ફકત નામ સરનામુ પુછેલ. આમ આ સાહેદના પુરાવાનું મૂલ્યાંકન કરીએ તો તેઓએ આક્ષેપીત બનાવ ની કોઈપણ

હકીકતોને સમર્થન આપેલ નથી, આમ આ સાહેદનો પુરાવો ફરીયાદપક્ષને લેશમાત્ર પણ મદદરૂપ થતો નથી.

૧૩) ફરીયાદપક્ષ તરફે **સાહેદ નં. ૪થી ભોગ બનનારના મામાને આં ક ૧૧થી** તપાસવામાં આવેલ. તેઓએ એવો પુરાવો આપેલ કે તેમના બહેનના લગ્નથી ૦૩ દિકરીઓના જન્મ થયેલ અને ભોગ બનનાર તેમના પરીવારનું સૌથી નાનુ સંતાન છે અને ભોગ બનનાર તેમના ઘરે આવતી હતી. તેની બહેન બે ત્રણ માસ અગાઉ કેન્સરની બીમારીથી ગુજરી ગયેલ. બનાવની ચોકકસ તારીખ જણાવેલ નહી પરંતું તેમના ફળીયામાં રહેતા અલ્પેશ વસાવાએ તેના પત્નીને ફોન કરેલ કે તેમની ભાણેજ ને માંગરોળ સરકારી દવાખાને લઈ ગયેલ છે, જેથી તેઓ તથા તેના પત્ની માંગરોળ સરકારી દવાખાને ગયેલ, જયાં તેમની ભાણેજને પેટમાં ખુબ જ દુ:ખાવો હોય ડોકટરે તેણીની મેડીકલ તપાસણી કરેલ અને સારવાર કરેલ, ત્યારબાદ તેઓએ ભોગ બનનારના પિતાને ફોન કરી સરકારી દવાખાને બોલાવેલ, ત્યારબાદ સારવાર કરાવી પરત ઘરે ગયેલ. ત્યારબાદ પોલીસવાળા ભોગ બનનારના પિતાના ઘરે આવેલ અને કોઈ કાગળો પર સહી કરાવેલ અને તેમની તથા તેના પત્નીની પુછપરછ કરેલ, તેમાં ઉપરોકત હકીકત લખાવેલ. તેઓ આરોપી નિતીન કમલેશભાઈ વસાવા તેના ફળીયામાં રહેતો હોય તેણી ઓળખે છે. આ વ્યકિતએ ભોગ બનનારને કોઈપણ રીતે લલચાવી ફોસલાવી ભગાડીને તેણીનું અપહરણ કરીને લઈ ગયેલ હોય કે તેણીની સાથે અવારનવાર શારીરીક સંબંધ બાંધી ગર્ભવતી બનાવેલ હોવાની હકીકત જાણતા હોવાનો ઈન્કાર કરેલ. **આમ ભોગ બનનારના**

**મામીએ આક્ષેપીત બનાવની કોઈપણ હકીકતોને સર્મથન ન આપતા તેઓને ફરી ગયેલા જાહેર કરી તેઓને ઉલટતપાસમાં પુછી શકાય તેવા પશ્નો પુછવાની એ.પી.પી.શ્રી ને પરવાનગી આપવામાં આવેલ અને તેઓની વિગતવારની ઉલટતપાસ કરાયેલ હોય છતાં પણ આ સાહેદે ફરીયાદપક્ષના કેસની હકીકતોને લેશમાત્ર સર્મથન આપેલ નથી.** આ સાહેદે ઉલટતપાસમાં સ્વીકારેલ કે, પોલીસે નીવેદનમાં શું લખેલ તેની ખબર નથી અને પોલીસે ફકત નામ સરનામુ પુછેલ. આમ આ સાહેદના પુરાવાનું મૂલ્યાંકન કરીએ તો તેઓએ આક્ષેપીત બનાવ ની કોઈપણ હકીકતોને સર્મથન આપેલ નથી, આમ આ સાહેદનો પુરાવો ફરીયાદપક્ષને લેશમાત્ર પણ મદદરૂપ થતો નથી.

**૧૪)** ફરીયાદપક્ષ તરફે સાહેદ નં. ૬થી ફરીયાદ લેનાર તથા તપાસ અને ચાર્જશીટ કરનાર પીઆઈ કિરણબા અજીતસિંહ જાડેજાનો પુરાવો આંક ૨૪થી રેકર્ડ કરવામાં આવેલ છે, તેઓએ એવો પુરાવો આપેલ કે, તેઓ તા. ૧૦/૨/૨૦૨૬ના રોજ ઝંખવાવ પોલીસ સ્ટેશન ખાતે ફરજ પર હાજર હતા તે દરમ્યાન આ કામના ફરીયાદીએ પોલીસ સ્ટેશનમાં આવી તેમના રૂબરૂ આરોપી નિતીનભાઈ કમલેશભાઈ વસાવા વિરૂધ્ધ પોતાની ફરીયાદ લખાવેલ, તેમાં ફરીયાદીની તથા તેમની સહી થયા બાદ ઝંખવાવ પો.સ્ટે. ગુ.રજી. નં. ૧૧૨૧૪૦૭૧૨૬૦૦૫૧/૨૬થી બીએનએસની કલમ ૧૩૭(૨), ૮૭, ૬૩, ૬૪(૨)(આઈ)(કે)(એમ)૬૫(૧) તથા પોકસો એકટની કલમ ૪,૫(જે-૨)૬ મુજબનો ગુનો દાખલ કરી આગળની તપાસ જાતેથી સંભાળેલ, તેઓએ ભોગ બનનારનું નિવેદન રેકર્ડ કરેલ. તેઓએ તપાસ દરમ્યાન પંચો ફાળવવા યાદીઓ કરેલ તથા સરકારી પં

ચોની હાજરીમાં ગુનાવાળી જગ્યાનું પંચનામુ કરેલ તથા ભોગ બનનાર અને આરોપીના કપડાઓ કબજે કરેલ તથા આરોપીની મેડીકલ તપાસણી કરાવવાની યાદી કરેલ અને મેડીકલ તપાસણી કરવામાં આવેલ. તપાસમાં કબજે કરેલા મુદામાલને એફએસએલ ખાતે મોકલવામાં આવેલ અને તેની પહોંચ રેકર્ડમાં સામેલ રાખેલ તથા એફએસએલનો બાયોલોજી તથા સીરોલોજી પૃથ્થકરણનો રીપોર્ટ આવતા ના. કોર્ટમાં રજુ કરેલ. તપાસના અંતે આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ કરવા જેટલા પુરતા પુરાવાઓ હોય, આરોપી વિરૂધ્ધમાં ચાર્જશીટ કરીને મોકલી આપેલ અને આરોપીને કોર્ટ સમક્ષ ઓળખી બતાવેલ. આ તપાસ કરનાર પોલીસ અધિકારના પુરાવામાં આંક ૨૫થી સરકારી પંચો ફાળવવાની યાદી, આંક ૨૬થી સ્થળ પરીક્ષણનો રીપોર્ટ, આંક ૨૭થી ભોગ બનનારની મેડીકલ તપાસણીની યાદી, આંક ૨૮થી રવાનગી નોં ધ, આંક ૨૯થી એફએસએલની પહોંચ, આંક ૩૦થી એફએસએલનો બાયોલોજી તથા સીરોલોજી પરીક્ષણનો રીપોર્ટ તથા આંક ૩૧ થી ૩૭ સુધીથી પંચોની સહીઓ વાળી સ્લીપો રજુ થયેલ. આ સાહેદના પુરાવામાં બચાવપક્ષ તરફથી કબુલ કરાયેલા જન્મના દાખલાઓ, જરૂરી યાદીઓ, આંક ૨૧થી ગુનાવાળી જગ્યાનું પંચનામુ, આંક ૨૩થી આરોપીની શરીરસ્થીતી તથા કપડા કબજે કર્યાનું પંચનામુ, આંક ૨૨થી ભોગ બનનારના કપડા કબજે કર્યાનું પંચનામુ રીફર થયેલા. આ સાહેદના પુરાવામાં ફરી ગયેલા સાહેદના કોન્ટ્રાડીકશનો પુરવાર થયેલા. બચાવપક્ષ તરફથી આ તપાસ કરનાર અધિકારીની તપાસની સમગ્ર કાર્યવાહી ને પડકારેલ અને જુદા જુદા સજેશનો કરવામાં આવેલા, જેનો સાહેદે ઈન્કાર

કરેલ. આ સાહેદે તે હકીકતનો સ્વીકાર કરેલ કે, આ કેસમાં કોઈપણ જાતનો ડીએનએ રીપોર્ટ કરાવેલ નથી. આ ફરીયાદ–ગુનો દાખલ કરનાર તથા તપાસ અને ચાર્જશીટ કરનાર પોલીસ સાહેદના પુરાવાનું મૂલ્યાંકન કરીએ તો આ કામમાં ભોગ બનનાર, ફરીયાદી તથા ભોગ બનનારના બહેન તથા મામા અને મામીએ આક્ષેપીત બનાવ અંગે કોઈ જ હકીકત તેમના પુરાવામાં જણાવેલ નથી.

૧૫) ફરીયાદપક્ષ તરફે **સાહેદ નં.૭થી ડો.ખુશ્બુ મહેશભાઈ દવેનો** પુરાવો આંક–૩૮થી રેકર્ડ કરવામાં આવેલો જેમાં તેઓએ એવો પુરાવો આપેલ કે, તારીખ ૧૬/૨/૨૬ના રોજ તેઓ મેડીકલ ઓફીસર સીએચસી તરીકે ફરજ પર હાજર હતા ત્યારે ઝંખવાવ પોલીસ સ્ટેશનની યાદી સાથે આરોપી નીતીનભાઈ કમલેશભાઈ વસાવાને એએસઆઈ એન.એ.વિઘ્યા બકલ નં. ૦૬૪૦વાળા મેડીકલ તપાસણી તથા જરૂરી નમુનાઓ લેવા માટે આંક ૨૩૯વાળી યાદી સાથે લાવેલ, તેઓ ભાનમાં હતા, સહકાર આપતા હતા તેમની સંમતિ લેવામાં આવેલ તથા તેઓના શરીરમાંથી લોહી, માથાના વાળ, લાળ,નખ, ગુપ્ત ભાગના વાળ, વિર્ય ના સેમ્પલો લીધેલ. આ ડોકટરના પુરાવા દરમયાન આંક ૩૯થી મેડીકલ તપાસણીની યાદી તથા આંક ૪૦થી મેડીકલ સર્ટી. રજુ થયેલ છે. આ નમુનાઓથી આક્ષેપીત ગુનાની કોઈ જ હકીકતને સર્મથન મળતું નથી.

૧૬) ફરીયાદપક્ષ તરફે **સાહેદ નં.૮થી ડો.દિનેશ જશવંતભાઈ ચૌધરીનો** પુરાવો આંક–૪૧થી રેકર્ડ કરવામાં આવેલો જેમાં તેઓએ એવો પુરાવો આપેલ કે, તારીખ ૧૬/૨/૨૬ના રોજ તેઓ મેડીકલ

ઓફીસર સીએચસી તરીકે ફરજ પર હાજર હતા ત્યારે ઝંખવાવ પોલીસ સ્ટેશનની યાદી સાથે ભોગ બનનારને વુમન પો.કો. બ.નં. ૦૧૯૨વાળા આંક ૨૭વાળી યાદી સાથે લાવેલ. તે સમયે ભોગ બનનાર ભાનમાં હતા, સહકાર આપતા હતા તેમની સંમતિ તથા ઓળખના ચીન્હો લીધેલ. તેણીના લખાવ્યા મુજબની હીસ્ટ્રી લખી લીધેલ. ભોગ બનનારને તપાસતા તેણીના વાયટલ પેરામીટર્સ સામાન્ય હતા. તેણીના શરીર પર કોઈ ઈજાના નિશાનો ન હતા. તેણીના શરીરમાંથી લોહી સાદુ તથા ઈડીટીએ બલ્બમાં, માથાના વાળ, લાળ,નખ, ગુપ્ત ભાગના વાળના સેમ્પલો લીધેલ. આ ડોકટરના પુરાવા દરમયાન આંક ૪૨થી મેડીકલ સર્ટી. રજુ થયેલ છે. વધુ તપાસણી અર્થે ગાયનેક હોસ્પીટલ તરફ રીફર કરેલ. આ કેસમાં ભોગ બનનારે ડોકટર સમક્ષ કોઈપણ જાતની હીસ્ટ્રી લખાવેલાનો ઈન્કાર કરેલ છે તેથી આ હીસ્ટ્રી મહત્વની રહેતી નથી તથા આ સાહેદે કબજે કરેલા નમુનાઓથી આક્ષેપીત ગુનાની કોઈ જ હકીકતને સમર્થન મળતું નથી.

૧૭) ફરીયાદપક્ષ તરફે **સાહેદ નં.૯થી ડો. મનાલી શૈલેન્દ્રસિંહ રાઠોડ**નો પુરાવો આંક-૪૩થી રેકર્ડ કરવામાં આવેલ. આ ડોકટરે એવો પુરાવો આપેલ કે, તા. ૧૯/૦૨/૨૦૨૬ના રોજ તેણી સિવિલ હોસ્પીટલ ખાતે ગાયનેકોલોજીસ્ટ તરીકે તેની ફરજ પર હાજર હતા ત્યારે આંક ૨૭વાળી યાદી સાથે ભોગ બનનારને રવીનાબેન રામસીંગભાઈ બકલ નં. ૪૩૯વાળ ગાયનેક તપાસ માટે લાવેલ તે સમયે તેણી સંપૂર્ણ ભાનમાં હતી. શારીરીક તપાસણી પહેલા ભોગ બનનાર તથા તેના માતાની સંમતિ માંગતા તેણીએ તથા તેના વાલીએ મેડીકલ તપાસણી કરવાની ના પાડેલી

અને ભોગ બનનારે હીસ્ટ્રી લખાવવાની પણ ના પાડેલ. ભોગ બનનાર ગર્ભવતી હતી અને તેણીની સોનોગ્રાફી કરાવેલ તે મુજબ ૨૪ અઠવાડીયાનો ગર્ભ હતો. ભોગ બનનાર અશકત હોય ઈનડોર પેશન્ટ તરીકે દાખલ કરેલ અને જરૂરી સારવાર કરી તા. ૨૧/૨/૨૬ના રોજ ડિસચાર્જ આપેલ. ભોગ બનનારની શારીરીક તપાસણી અંગેનું સર્ટીફીકેટ આંક ૪૪થી રજુ થયેલ. બચાવપક્ષ તરફથી કરવામાં આવેલ ઉલટતપાસ મુજબ ભોગ બનનારના કોઈ ડીએનએ સેમ્પલો લીધેલ ન હતા.. ભોગ બનનારે કોઈ હીસ્ટ્રી લખાવેલ ન હતી. આ ડોકટરના પુરાવાનું મૂલ્યાંકન કરીએ તો ભોગ બનનારના શરીર પર બાહય ઈજાના કોઈ નિશાનો ન હતા. ભોગ બનનાર તથા તેના વાલીએ મેડીકલ તપાસણી કરાવવા માટે સંમતિ ન આપેલ હોવા છતાં બે દિવસ અંદરના દર્દી તરીકે દાખલ કરી સારવાર કરેલ. ભોગ બનનારે તેણીના પુરાવામાં ડોકટર સમક્ષ કોઈ હીસ્ટ્રી લખાવેલાનો ઈન્કાર કરેલ. વધુમાં આ ડોકટર સાહેદના પુરાવાને ભોગ બનનારના સબસ્ટેનશીયલ પુરાવાના અભાવે આ સર્મથન કારક પુરાવાનું ખાસ મહત્વ રહેતું નથી.ભોગ બનનારના શરીર કે ગુપ્તભાગ પર કોઈ ઈજાના નિશાનો નથી તથા ભોગ બનનારે આક્ષેપીત બનાવની કોઈ જ હકીકતોને સર્મથન આપેલ નથી તથા આ કેસમાં ભોગ બનનારના કોઈ ડીએનએ સેમ્પલો લીધેલા નથી, આમ હાલના આરોપીએ ભોગ બનનારની સાથે દુષ્કર્મ કરેલ હોય અથવા તો આવા દુષ્કર્મના કારણે ભોગ બનનાર ગર્ભવતી થયેલ હોય તેવું પુરવાર થતુ નથી.

૧૮) આ કેસમાં ભોગ બનનાર, ફરિયાદી, તથા ભોગ બનનારના મોટી બહેન તથા મામા, અને મામીનો પુરાવો વંચાણે લેતા આક્ષેપીત બનાવની

કોઈ જ હકીકતનોને સર્મથન આપતો પુરાવો આપેલ નથી. આમ આ સાહેદોનો પુરાવો ''સ્ર્ટલીંગ ગુણવતા''નો જણાતો નથી તથા આ કેસના ફરીયાદી તથા ભોગ બનનાર સ્ર્ટલીંગ વીટનેશ જણાતા નથી અને ભોગ બનનાર, ફરિયાદી, તથા ભોગ બનનારના મોટી બહેન તથા મામા, અને મામીનો પુરાવો માનવા લાયક જણાતો નથી. વધુમાં, ફરિયાદ પક્ષે રજૂ કરેલ આ મૌખિક પુરાવાઓથી વિપરિત હકીકતો મેડીકલ પુરાવામાં જણાય આવતી હોય ત્યારે અદાલત રૂબરૂ સોગંદ ઉપર જે જુબાની/મૌખિક પુરાવો આવેલ હોય તેને વધારે પ્રાધાન્ય આપવું જોઈએ અને મૌખિક પુરાવામાં ભોગ બનનારના પુરાવાને વધારે પ્રાધાન્ય આપવું જોઈએ. જયારે કોઈ કેસમાં DNA રીપોર્ટ રજૂ થયેલ હોય ત્યારે તે મહત્વનો ભાગ ભજવે છે અને જયારે આવો DNA રિપોર્ટ ક્રિમિનલ કોર્ટ સમક્ષ રજૂ થાય ત્યારે અને ખાસ કરીને આવો DNA રિપોર્ટ પોઝીટીવ હોય ત્યારે તે કેસમાં રજૂ થયેલા અન્ય પુરાવાઓ કે જે પોઝીટીવ DNA રિપોર્ટથી વિપરિત હકીકત જણાવતા હોય ત્યારે આવા DNA રિપોર્ટ/મેડીકલ રિપોર્ટને સમર્થનકારી પુરાવા તરીકે ધ્યાને લઈ શકાય. પરંતુ આવા DNA રિપોર્ટના આધારે, આવા રિપોર્ટને આખરી માનીને ક્રિમિનલ કેસમાં સજા કરી શકાય નહીં. આ કેસમાં ભોગ બનનાર ગર્ભવતી હોવાની હકીકત રેકર્ડ પર આવેલ છે, પરંતુ તેણી ગર્ભવતી કોનાથી થયેલ તે અંગે કોઈ જ હકીકત ભોગ બનનાર, ફરિયાદી, તથા ભોગ બનનારના મોટી બહેન તથા મામા, અને મામીના પુરાવામાંથી રેકર્ડ પર આવેલ નથી. આ કેસમાં ફરીયાદપક્ષે ભોગ બનનાર, આરોપી તથા તેણીના ગર્ભના કોઈ ડીએનએ રીપોર્ટ કરાવેલ નથી **આ તબકકે અમુક ચુકાદાઓની ચર્ચા કરીએ તો સ્ટેટ ઓફ કર્ણાટક વિ. નાગેશ શિવપ્પા મોસાન્નવર (ક્રિમીનલ અપીલ નં. ૧૦૦૫૭૦/૨૦૨૨ હુકમ તા. ૧ ૦ /૦૭/૨૦૨૫)** ના ચુકાદાની હકીકત મુજબ સરકાર દ્બારા નિર્દોષ છોડી

મુકવાના હુકમ સામે અપીલ કરવામાં આવેલ હતી. આ કેસની હકીકત મુજબ ભોગ બનનારે જણાવેલ કે, આરોપી એ તેણીની સાથે કોઈ શરીરસં બંધ બાંધેલ ન હતો અને તેણીના માતાપિતાએ પણ આવો જ પુરાવો આપેલ હતી, તેથી આ ક્રિમીનલ અપીલમાં ઠરાવેલ કે DNA ને રીપોર્ટને એકલાને માનીને સજા ન કરી શકાય, કારણ કે, DNA રીપોર્ટ એ માત્ર કોરોબોરેટીવ વેલ્યુ ધરાવતો પુરાવો છે.વૈજ્ઞાનિક પુરાવોએ કયારેય પ્રત્યક્ષ પુરાવાનું સ્થાન લઈ શકે નહી. આમ, ઉપરોકત ચુકાદામાં જણાવેલા સિદ્ધાંતો તથા આરોપી પક્ષની રજૂઆત ધ્યાને લેતાં હાલના કેસમાં ભોગ બનનાર, ફરિયાદી, તથા ભોગ બનનારના મોટી બહેન તથા મામા, અને મામીના ઉપરોકત વિગતેનો પુરાવો આપેલ છે, જે પુરાવાઓ શં કાસ્પદ, અવિશ્સજન્ય, માની ન શકાય અને આધાર ન રાખી શકાય તેવો આપેલ છે. વધુમાં આ કેસમાં ભોગ બનનાર, તેણીના ગર્ભના તથા આરોપીના કોઈ DNA સેમ્પલો લીધેલ હોય તેવી હકીકત રેકર્ડ પર આવેલ નથી.

૧૯) આ કામમા આ કાયદાની કલમ ૨૯ તથા ૩૦ની જોગવાઈઓની ચર્ચા કરવી જરૂરી જણાય છે.

**કલમ ૨૯ અમુક ગુનાઓ અંગે માની લેવા બાબત**

**(Presumption as to certain Offences)**

'' જયાં કોઈ વ્યકિતને આ અધિનીયમની કલમ ૩, ૫, ૭ અને ૯ અન્વયેના કોઈ ગુનાને કરવાના અથવા તેવા ગુનાનું દુષ્પ્રેરણ કરવાના અથવા આવા ગુનાને કરવાના પ્રયત્ન કરવા માટે તેના ઉપર કાનુની કાર્યવાહી કરવામાં આવે ત્યારે સ્પેશ્યલ અદાલત દ્વારા જયાં સુધી તેનાથી વિરૂધ્ધનું સાબીત

કરવામાં ન આવે (Unless the contrary is proved)ત્યાં સુધી એવું માની લેવામાં આવશે(Shall Presume) કે આવા વ્યકિત એ યથાપ્રસંગ, એવો ગુનો કરેલ છે, દુષ્પ્રેરણ કરેલ છે અથવા ગુનાને કરવાનો પ્રયત્ન કરેલ છે.''

ઉપરોકત જોગવાઈમાં જણાવ્યા મુજબ જયારે કોઈપણ વ્યકિત સામે પોકસો એકટની કલમ ૩, ૫, ૭ અને ૯ લગત ગુનો કર્યાનો આક્ષેપ હોય કે તેવો ગુનો કર્યાનું દુષ્પ્રેરણ હોય અથવા ગુનો કરવાનો પ્રયત્ન કરેલ હોય અને તેના વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે ત્યારે જયાં સુધી આરોપી તેને આક્ષેપીત ગુનો કરેલ નથી કે દુષ્પ્રેરણ કરેલ નથી કે ગુનો કરવાનો પ્રયત્ન કરેલ નથી તેવો આક્ષેપીત ગુનાને લગતના આરોપી અન્વયે પુરાવો ડાયરેકટ(Direct) અથવા સાંયોગીક (Circumstantial) પુરાવાઓ રજુ કરી તે આરોપો નિષ્ફળ ન બનાવે એટલે કે આક્ષેપોનું ખંડન કરતો પુરાવો રજુ ન કરે તો આ કલમ ૨૯ની જોગવાઈ મુજબ અદાલત એવું માનવા પ્રેરાશે અથવા તેવું માની લેશે કે આરોપી વિરૂદ્ધના આક્ષેપો લગત આરોપીએ ગુનો કરેલ છે.

આ જોગવાઈ ધ્યાને લઈ હાથ પરના કેસની ચર્ચા કરીએ તો આ કામના આરોપી વિરૂદ્ધ જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતા અધિનિયમ ૨૦૧૨ ની કલમ–૪, ૫ (જે) (ii)૫(એલ)૬,૮ અને ૧૨ મુજબનો ગુનો કરેલ હોવાનો આક્ષેપ છે.તે હકીકત છે કે કોઈપણ અનુમાન સંપૂર્ણ(Absolute) નથી પરંતું આવું અનુમાન રીબ્યુટેબલ છે, આ કાયદાની કલમ ૨૯ હેઠળું અનુમાન પણ રીબ્યુટેબલ છે. **<u>આ અનુમાન ત્યારે જ અમલમાં આવે કે જયારે ફરીયાદપક્ષ દ્વારા કેસની મહત્વની હકીકતો(Foundational</u>**

**<u>Facts)સાબીત કરે તો તેના આધારે કાયદા મુજબ અનુમાન કરી શકાય.</u>**

**૨૦)** આ કેસમાં ભોગ બનનાર, ફરિયાદી, તથા ભોગ બનનારના મોટી બહેન તથા મામા, અને મામીના રેકર્ડ પર રજુ થયેલા પુરાવાઓને સંયુકત રીતે વંચાણે લઈએ તો ફરીયાદી, ભોગ બનનારે અથવા અન્ય સાહેદોના પુરાવાઓમાં થી એવી કોઈ હકીકત રેકર્ડ પર પુરવાર થયેલ નથી કે, આ કેસના આરોપી નીતીનભાઈ કમલેશભાઈ વસાવાએ ભોગ બનનાર સગીર વયના હોવાનું જાણતા હોવા છતાં ભોગ બનનારને આ કામના આરોપી સને ૨૦૨૫ થી તા. ૧૦/૨/૨૦૨૬ના સમયગાળા દરમ્યાન લલચાવી ફોસલાવી તથા તેણી સગીર વયની હોવાનું જાણતા હોવા છતાં તેણીનું અપહરણ કરીને લઈ ગયેલ અને તેણીની સાથે અવારનવાર શરીરસંબંધ બાંધી બળાત્કાર કરી તેણીને ૬ માસની ગર્ભવતી બનાવી દીધેલ અને તે રીતે જાતીય હુમલા, પ્રવેશ જાતીય હુમલો, ગંભીર પ્રવેશ જાતીય હુમલા કરી ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૩૭(૨), ૮૭, ૬૩, ૬૪(૨)(આઈ),(કે)) (એમ), ૬૫(૧) તથા જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતા અધિનિયમ ૨૦૧૨ની કલમ ૪, ૫(જે) (૨) તથા ૬ મુજબનો સજાપાત્ર ગુન્હો કરેલ હોય. આ સંજોગોમાં કામના આરોપીએ તેની વિરૂદ્ધના પોકસો એકટની કલમો મુજબના આક્ષેપોનું ખંડન કરતો કોઈ પુરાવો રજુ કરવો જરૂરી જણાઈ આવતું નથી જેથી પોકસો એકટની કલમ ૨૯માં જણાવ્યા મુજબની જોગવાઈ અનુસાર આ કામના આરોપીએ પોકસો એકટની કલમો મુજબનો ગુનો કરેલ છે તેવું અનુમાન ન કરી શકે તેમ નથી.

**૨૧)** હવે આ કાયદાની કલમ ૩૦ વંચાણે લઈએ તો આ કલમ

આરોપીની માનસીક ગુનાહીત માનસીક સ્થીતી અંગે માની લેવા બાબત(અનુમાન)ને લગતી જોગવાઈ દર્શાવતી કલમ છે. આ કલમ નીચે મુજબ છે.

**કલમ૩૦ ગુનાહીત માનસીક સ્થીતી અંગે માની લેવા બાબત**

**(Presumption of Culpable mental state)**

(૧) આ અધિનીયમ અન્વયેના કોઈપણ ગુના માટે કોઈપણ ઈન્સાફી કાર્યવાહીમાં, જેમાં આરોપીની ગુનાહીત માનસીક સ્થીતી આવશ્યક હોય ત્યારે સ્પેશયલ કોર્ટ આવી માનસીક સ્થીતીના અસ્તીત્વ અંગે અનુમાન કરશે, પરંતું આરોપીને પોતાના બચાવમાં સાબીત કરવું પડશે કે, તેની માનસીક સ્થીતી સાથે તેની સામે ચલાવવામાં આવતી ઈન્સાફી કાર્યવાહીમાં જે ગુના માટે તેના ઉપર તહોમત મુકવામાં આવેલ છે, તેની સાથે તેની માનસીક સ્થીતીનો કોઈ સંબંધ રહેતો નથી.

(૨) આ અધિનીયમના હેતુઓ માટે કોઈ હકીકતની સાબીતી ત્યારે જ ગણવામાં આવશે કે જયારે સ્પેશ્યલ કોર્ટના મંતવ્ય મુજબ કોઈપણ શંકા સિવાય આવું થયા હોવા અંગે વિશ્વાસ હોય અને માત્ર ત્યારે નહી, જયારે તે બન્યા હોવાની સં ભાવનાની પ્રબળતા દ્વારા સ્થાપીત થયેલ હોય.

**સ્પષ્ટીકરણ:-** આ અધિનીયમમાં '' ગુનાહીત માનસીક સ્થીતી'' માં ઈરાદો, પ્રેરક/ પ્રવર્તક કોઈ હકીકતનું જ્ઞાન તથા કોઈ હકીકત અંગે વિશ્વાસ અથવા વિશ્વાસ કરવા માટેના કોઈપણ કારણનો સમાવેશ થાય છે.

ઉપરોકત જોગવાઈ વિચારણામાં લઈએ તો આરોપી વિરૂદ્ધના પોકસો એકટની કલમ ૪, ૫(જે)(ii) ૫ (એલ) અને ૬ના ગુના લગતનું આરોપી વિરૂદ્ધનું અનુમાન કરવા માટે આરોપીની ગુનો કરતી વખતની ગુનાહીત માનસીક સ્થીતી લગત રેકર્ડ પર રજુ થયેલ પુરાવો ધ્યાનમાં લઈએ તો

ફરીયાદપક્ષના સાહેદોનો પુરાવો લેશમાત્ર પણ વિશ્સજન્ય કે માનવાલાયક જણાતો નથી અને આવા પુરાવા ઉપર લેશમાત્ર પણ ભરોસા રાખી ન શકાય તેવો પુરાવો રેકર્ડ પર આવેલ છે. આ કામનું રેકર્ડ તથા સાહેદોનો પુરાવો સંયુકત રીતે વંચાણે લેતા આરોપીની માનસીક સ્થીતી ગુનાહીત કૃત્ય (Intention) વાળી હોય તેવું કોઈપણ રીતે ફલીત થતું નથી. આ સંજોગોમાં અત્રેની અદાલત આ કાયદાની કલમ ૩૦ની જોગવાઈ મુજબ અનુમાન કરવા કરી શકે તેમ નથી કે આરોપીની માનસીક સ્થીતી ભોગ બનનાર સાથે દુષ્કર્મ કરી પોકસો એકટની કલમ ૪, ૬ મુજબનો ગુનો કરવાની હતી.

૨૨) **<u>શું આ કામના ભોગ બનનાર ગુજરાત વિકટીમ કમ્પેનસેશન સ્કીમ હેઠળ વળતર મેળવવા હકકદાર બને છે કે કેમ ?</u>**

આ કામના ભોગ બનનારને ગુજરાત વિકટીમ કોમ્પેનસેશન સ્કીમ હેઠળ વળતર / સહાય ચુકવવું જરૂરી છે કે કેમ ? તે મુદાની ચર્ચા પણ કરવી ઉચીત અને ન્યાયી જણાય છે. આ કામના અરજદાર ગુજરાત વિકટીમ કમ્પેનસેશન સ્કીમ હેઠળ વળતર/ રાહત મેળવવા હકકદાર બને છે કે કેમ તે અં ગેના રેકર્ડ પરના પુરાવાની ચર્ચા કરવાની સાથે આ અદાલતે (૧) ક્રિ.પ્રો. કોડ કલમ ૩૫૭(એ) (૨) પોકસો રૂલ્સ ૨૦૨૦ (૩) ધી ગુજરાત વિકટીમ કોમ્પેનસેશન સ્કીમ ૨૦૧૯માં જણાવેલ જોગવાઈઓ ધ્યાનમાં લીધેલ તેમજ ફરીયાદી તથા ભોગ બનનારનો સોગંદ ઉપરનો પુરાવો તથા ગુનાની ગંભીરતા, શારીરીક તેમજ માનસીક અસર કે ઈજા, મેડીકલ સારવાર માટે થયેલ તથા થનાર ખર્ચ, ભોગ બનનારની આર્થીક પરીસ્થીતી તેમજ ભોગ બનનારને પુન: સ્થાપનની જરૂરત છે કે કેમ ? તે તપાસ પાસાઓ ઝીણવટભરી રીતે વિચારણામાં લીધેલ. પોકસો રૂલ્સ ૨૦૨૦નો ઉદ્દેશ ભોગ બનનાર/

આશ્રીત/ વાલીને બનાવના કારણે જે ઈજા કે નુકશાની થયેલ હોય અને જેને પુન: સ્થાપનની જરૂરત હોય તેને વળતર મળી રહે તે છે. આ કેસમાં ભોગ બનનાર, ફરિયાદી, તથા ભોગ બનનારના મોટી બહેન તથા મામા, અને મામીએ લેશમાત્ર કેસને સર્મથન આપતો પુરાવો આપેલ નથી અને આ સાહેદોનો પુરાવો લેશમાત્ર પણ વિશ્સજન્ય કે માનવાલાયક જણાતો નથી અને આવા પુરાવા ઉપર લેશમાત્ર પણ ભરોસા રાખી ન શકાય તેવો પુરાવો રેકર્ડ પર આવેલ છે. રેકર્ડ પરના પુરાવા મુજબ ભોગ બનનારની સારવાર સરકારી હોસ્પીટલ ઝંખવાવ તથા સિવિલ હોસ્પીટલ સુરત ખાતે થયેલ હોવાનું જણાય છે અને સરકારી હોસ્પીટલમાં તમામ સારવાર મફતમાં આપવામાં આવે છે તેમજ મુળ ફરીયાદી કે વિકટીમ કે તપાસ કરનાર અમલદાર તરફથી સારવારના ખર્ચના કોઈ બીલ કે અન્ય પુરાવાઓ કરેલા નથી. આ કામના ભોગ બનનાર દ્વારા તેણીનો ઉપરોકત વિગતનો રેકર્ડ પર પુરાવો આવેલ છે, તેની હવે વિશેષ ચર્ચા કરવી ઉચીત જણાઈ આવતી ન હોય, તેથી ભોગ બનનારનો મૌખીક પુરાવો ઘ્યાને લેતા આ કામના ભોગ બનનાર કોઈ જ વળતરની રકમ મેળવવા હકકદાર બનતા નથી.

**૨૩)** આ કામે ઉપર ચર્ચા કર્યા મુજબ આ કેસમાં ફરીયાદપક્ષ તે હકીકત પુરવાર કરવામાં સદતંર નિષ્ફળ ગયેલા છે કે, આ કેસના આરોપી નીતીનભાઈ કમલેશભાઈ વસાવાએ ભોગ બનનાર સગીર વયના હોવાનું જાણતા હોવા છતાં ભોગ બનનારને આ કામના આરોપી સને ૨૦૨૫ થી તા. ૧૦/૨/૨૦૨૬ના સમયગાળા દરમ્યાન લલચાવી ફોસલાવી તથા તેણી સગીર વયની હોવાનું જાણતા હોવા છતાં તેણીનું અપહરણ કરીને લઈ ગયેલ અને તેણી ની સાથે અવારનવાર શરીરસંબંધ બાંધી બળાત્કાર કરી તેણીને ૬ માસની

ગર્ભવતી બનાવી દીધેલ અને તે રીતે જાતીય હુમલા, પ્રવેશ જાતીય હુમલો, ગંભીર પ્રવેશ જાતીય હુમલા કરી ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૩૭(૨), ૮૭, ૬૩, ૬૪(૨)(આઈ),(કે)) (એમ), ૬૫(૧) તથા જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતા અધિનિયમ ૨૦૧૨ની કલમ ૪, ૫(જે) (૨) તથા ૬ મુજબનો સજાપાત્ર ગુન્હો કરેલ છે. આ કામના આરોપીએ, આક્ષેપીત ગુનો કરેલ હોય તેવો શંકાથી પર રહીને આક્ષેપીત ગુનો સાબીત થતો હોય તેવો લેશમાત્ર પણ પુરાવો રેકર્ડ પર આવતો નથી. આમ, ઉપરોકત કરવામાં આવેલ તમામ ચર્ચાને ધ્યાને લઈ, **મુદા નં.૨** નો નિર્ણય તે મુજબ **નકારાત્મક** આપેલ છે.

**૨૪)** **–:: મુદા નં.૩ ::–**

આમ, ઉપરોકત સમગ્ર ચર્ચાને ધ્યાને લઈ, મુદા નં.૧ અને ૨ ના નિર્ણયોને ધ્યાનમાં લઈ, આ કેસની તમામ હકીકતો તથા સંજોગો ધ્યાને લઈ, મુદા નં. ૩ અન્વયે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**:: હુ ક મ ::**

(૧) આથી, ઝંખવાવ **પો.સ્ટે., સુરત ગ્રામ્યના ગુ.રજી. નં. પાર્ટ –એ–૧૧૨૧૪૦૭૧૨૬૦૦૫૧/૨૦૨૬,** ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ ૧૩૭(૨), ૬૩, ૬૪(૨)(આઈ), ૬૪(૨)(કે), ૬૪(૨)(એમ), ૬૫(૧) , ૮૭, તથા જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતા અધિનિયમ ૨૦૧૨ની કલમ–૪, ૫ (જે) (ii), ૬ મુજબના ગુનાના કામના ઉપરોકત નામવાળા **આરોપી નિતીનભાઈ કમલેશભાઈ વસાવા**ને તેઓ વિરુધ્ધના ઉપરોકત મુજબના ગુન્હામાંથી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ

૨૫૮(૧) અન્વયે નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** આ કામના **આરોપી નિતીનભાઈ કમલેશભાઈ વસાવા** સદર ગુનાના કામે જયુડિશિયલ કસ્ટડીમાં હોય, જો આરોપી અન્ય ગુનાના કામે જયુડિશિયલ કસ્ટડીમાં ન હોય તો તેઓને સદર ગુનાના કામે તાત્કાલિક જામીન મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**(3)** નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ અપીલ થાય તો હાજર રહેવા સંબંધે દરેક આરોપીએ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની જોગવાઈ ૪૮૧ મુજબ રૂા.૨૫,૦૦૦-૦૦ (અંકે પચ્ચીસ હજાર પૂરા)ના નવા જામીન અત્રેની અદાલતમાં રજૂ કરવા.

**(૪)** મુદ્દામાલ સંબંધે અગાઉ કોઈ હુકમ થયેલ હોય તો તે હુકમ કાયમી કરવામાં આવે છે. આ સિવાયનો અન્ય તમામ બિનકિંમતી મુદ્દામાલનો અપીલ સમય વીત્યા બાદ નાશ કરવો.

આ હુકમ આજરોજ તા.૩૦મી માહે મે સને ૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૩૦/૦૫/૨૦૨૬
સુરત

**(વિનોદ વી. પરમાર)**
**સ્પે. જજ (પોકસો)તથા**
**અધિક સેશન્સ જજ**
**સુરત**
**(યુનિક આઈ.ડી. કોડ નં.-જીજે૦૧૫૧૪)**